**પ્રાતઃ સ્મરણીય મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન પર તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન**



જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

**(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૨, વર્ષ–૨૪, એપ્રિલ–૨૦૨૨

## અષાઢ વદ ૧૩, શનિવાર, તા.૧૬-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૦, પ્રવચન-૩૬

**'સમ્યગ્દષ્ટિ જ પંડિત અને મુખ્ય છે.'** પ્રધાન છે ને? પ્રધાન. પ્રધાનનો અર્થ મુખ્ય કર્યો, '**बुहु**'નો અર્થ પંડિત કર્યો.

**जो सम्मत्त-पहाण बुहु सो, तइलोय-पहाणु।**
**केवल-णाण विलहु लहइ, सासय-सुक्ख-णिहाणु।।९०।।**

ઓહોહો..! દિગંબર સંતોએ કામ કર્યા છે ને! બહુ ટૂંકા શબ્દોમાં આખો સાર.. સાર. 'યોગસાર' છે ને? પોતાના સ્વઆશ્રયે જે પર્યાય પ્રગટ થઈ તેનું નામ યોગ કહે છે. એ યોગનો સાર છે. પરના આશ્રયે જે રાગ થાય તે યોગસાર નથી. સમજાણું કાંઈ?

'**જે સમ્યગ્દર્શનનો સ્વામી છે...** ' '**बुहु**' '**તે પંડિત છે.**' આહાહા..! તે જ પંડિત છે. ભગવાનઆત્મા..! આત્મા સમજ્યો એ પંડિત, બીજો પંડિત કોણ છે? અગિયાર અંગ નવ પૂર્વ પણ અનંતવાર ભણી ગયો, તે પંડિત ન થયો. પછી નાશ થઈ ગયું. અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો. આત્માનો આશ્રય લીધો નહિ, સમ્યગ્દર્શન થયું નહિ (તો) અગિયાર અંગ નવ પૂર્વ નાશ પામ્યા. નિગોદમાં ચાલ્યો ગયો. નિગોદમાં અક્ષરના અનંતમેં ભાગે રહી ગયો, એટલો ક્ષયોપશમ, પણ એ ક્ષયોપશમ સ્વનો ક્યાં હતો? પરાશ્રય હતો, તે પણ કલ્યાણનું કારણ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વનો ક્ષયોપશમ પણ કલ્યાણનું કારણ નથી. સમજાણું કાંઈ? કેમકે પરાશ્રય છે.

ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિમાં એકાગ્ર થઈને તેમાંથી જ્ઞાનનો કણ કાઢવો. જ્ઞાનનો કણ! લ્યો, વળી કણ યાદ આવ્યો. છે ને 'પરમાર્થ વચનિકા'માં? સ્વરૂપની કણિકા જાગી, એવો પાઠ છે. સ્વરૂપની કણિકા જાગી. દૃષ્ટિ અને જ્ઞાનથી સ્વરૂપની ચારિત્રનો અંશ કણિકા જાગી. (તે) મોક્ષમાર્ગ છે, નહિતર મોક્ષમાર્ગ નથી. 'પરમાર્થ વચનિકા', 'બનારસીદાસ'. 'બનારસીદાસ' મહા પંડિત! યથાર્થ તત્ત્વ (કહ્યું છે). વર્તમાન પંડિતો ઉપર બહુ માન નહિ. અમે તો બધા પંડિતોને જાણીએ છીએ, એ તો એક જ પંડિત છે. અમે તો બધા શાસ્ત્રને જાણીએ છીએ, અમે તો બધા કરતાં મોટા. શાસ્ત્રથી મોટો શું છે? નવ પૂર્વ ભણ્યો એમાં મોટો શું આવ્યો?

અહીં તો કહે છે, '**સમ્યગ્દર્શનના સ્વામી છે...**' જુઓ! '**पहाण**'નો અર્થ કર્યો છે. પ્રધાન કીધું ને? પ્રધાન. સમ્યક્ સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ તત્ત્વ-શુદ્ધ તત્ત્વ, તેમાં અંતર્મુખ થઈને જેણે સ્વઆશ્રય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જ જગતમાં પ્રધાન અથવા સ્વામી અથવા '**बुहु**', એ જ પંડિત છે. એણે બધું જાણ્યું, એમ કહે છે. તેણે

બધું જાણ્યું. 'એક જાણ્યે સબ હોત હૈ, સબસે એક ન હોય' આહાહા..! તેને તો કેવળજ્ઞાન આવશે. કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. જ્ઞાનગુણમાં અનંતી પર્યાય પડી છે. કેવળજ્ઞાનની અનંતી પર્યાય, સાદિઅનંત પર્યાય જેટલી છે તે બધી જ્ઞાનમાં પડી છે. એવા જ્ઞાયકની દૃષ્ટિ થઈ (તો) કેવળજ્ઞાન લાવશે, લાવશે અને લાવશે. એકાદ-બે ભવમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. તેનું કેવળજ્ઞાન ફરે નહિ. એવી ચીજ છે. તેની સાક્ષી તો આત્મા દે કે કોઈ આપે? સમજાણું કાંઈ? આહાહા..!



કહે છે, ભગવાનઆત્મા સમ્યગ્દર્શન જેને પ્રધાન છે, જેની દૃષ્ટિમાં આત્મા પ્રધાનપણે પ્રતીતમાં, જ્ઞાનમાં વર્તે છે તે જ જગતમાં સ્વામી, સાચો પ્રધાન પુરુષ કહેવામાં આવે છે. પ્રધાન લીધું ને? **'सम्मत्त-पहाण बुहु सो, तइलोय-पहाणु' 'તે જ ત્રણલોકમાં પ્રધાન છે.'** રત્નકરંડ શ્રાવકાચારમાં બહુ લીધું છે. સમકિત તો કરણધાર છે, કરણમાં આધાર છે. એ સમકિત વિના જ્ઞાન, ચારિત્ર, વ્રત બધું ફોગટ છે, પથરા જેવા છે. રત્નની, ચૈતન્યરત્નની દૃષ્ટિ પોતાના નિર્વિકલ્પ સ્વરૂપનું ભાન ન થયું ત્યાં સુધી તેને જ્ઞાન કહેવામાં આવતું નથી.

**'ત્રણલોકમાં પ્રધાન છે.'** ત્રણલોકમાં પ્રધાન! ઓહોહો..! 'લેશ ન સંયમ' આવે છે ને? છ ઢાળામાં નથી આવતું? 'પૈ સુરનાથ જજૈ હૈં.' સમ્યગ્દર્શન 'લેશ ન સંયમ છતાં સૂરનાથ જજૈ હૈં.' ગરિમા છે જ નહિ, સ્વભાવમાં જ છે. આ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ પડે તેમાં જ રહ્યો છે. રાગ આવે છે તેમાં રહ્યો છે? તેમાં પોતાની રુચિ છે? ત્યાં છે?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો તો કહે છે કે, ત્રણલોકમાં સમ્યગ્દૃષ્ટિ પ્રધાન છે અને **'सासय-सुक्ख-णिहाणु केवल-णाण वि लहु लहइ' 'અવિનાશી સુખનું નિધાન...'** અવિનાશી સુખનું નિધાન કેવળજ્ઞાન, હોં! પર્યાયની વાત છે. અવિનાશી સુખની પર્યાયનું નિધાન કેવળજ્ઞાન, એ કેવળજ્ઞાનને શીઘ્ર જ પ્રાપ્ત કરી લે છે. કેવળજ્ઞાનને તો બોલાવે છે, સમ્યગ્જ્ઞાન, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. સમજાણું કાંઈ? ગણધરને પણ સર્વજ્ઞના પુત્ર કહ્યા છે. સર્વજ્ઞના પુત્ર! ઈસુ કહે છે કે, ઈશ્વરનો પુત્ર. આ તો કહે છે, ગણધર સર્વજ્ઞનો પુત્ર છે. આહાહા..! એમ અહીંયાં સમ્યગ્દૃષ્ટિ લઘુનંદન છે. છે કે નહિ? 'તે જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન, તે જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.' આવે છે ને? 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન, કેલિ કરે સિવમારગ માહિ, જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.' આહાહા..! ત્યાં ગણધરને સર્વજ્ઞના પુત્ર કહ્યા, અહીં તો સમકિતીને કેવળજ્ઞાનના પુત્ર કહ્યા. લઘુનંદન. સાધુ મોટા નંદન છે. સમકિતી લઘુનંદન છે. પોતાનું સર્વસ્વ આખો ચૈતન્યપ્રભુમાં

દૃષ્ટિ કરી, તેના આશ્રયે જ્યાં પ્રભુત્વ પ્રગટ થયું તો તે કેવળજ્ઞાનનો લઘુનંદન જ છે. આહાહા..! એવી અંતરમાં જ્યાં સુધી કિંમત ન આવે અને પોતાના ક્ષયોપશમજ્ઞાનની... સમજાણું કાંઈ? કે કોઈ રાગની મંદતાની અધિકતા દૃષ્ટિમાં રહે અને સમ્યગ્દૃષ્ટિને કે જેને પોતાના સ્વરૂપની દૃષ્ટિ છે તેની અધિકતા, પોતાથી ભિન્ન અધિક છે એવું બહુમાન ન આવે ત્યાં સુધી તેને સ્વદ્રવ્યનો આશ્રયભાવ પ્રગટ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

યોગસાર! '**સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં પ્રધાન છે.**' હવે થોડો વિસ્તાર કરશે. સર્વ ગુણોમાં મુખ્ય મૂળ તો એ છે. 'દંસણ મૂલો ધમ્મો'. ભગવાન કુંદકુંદાચાર્યદેવનું વાક્ય છે. અહીં ચાર વાક્ય લખ્યા છે. 'દંસણ મૂલો ધમ્મો', 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ', 'દર્શનશુદ્ધિથી આત્મસિદ્ધિ', અહીંયાં 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે વાસ્તવિક શરૂઆત.' ચાર ચાકળા છે, ચાર. સમજાણું કાંઈ? 'દંસણ મૂલો ધમ્મો'. ધર્મ ભલે ચારિત્ર, પણ તેનું મૂળ તો દર્શન છે. 'મૂલં નાસ્તિ કુતોઃ શાખા' જ્યાં મૂળ જ નથી ત્યાં વૃક્ષ કેવું? જ્ઞાન કેવું? તપ કેવું? નિર્જરા કેવી? સમજાણું કાંઈ?

કહે છે, '**સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં પ્રધાન છે. એ હોતાં જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ચારિત્ર થઈ જાય છે. જેમ એકના અંક સહિત મીંડું સફળ થાય છે.**' એક અંક હોય તો મીંડું સફળ છે. નવને વધારી દે છે. તો એ અંકની પ્રધાનતા છે, મીંડાની પ્રધાનતા નથી. અસંખ્યાત અનંત મીંડા હોય (પણ) એક વિના આંકડો કેવી રીતે કરવો? મીંડા વિના સફળ નથી, નિષ્ફળ છે. '**તેના વિના નિષ્ફળ રહે છે તેમ સમ્યક્ત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર મોક્ષ તરફ લઈ જાય છે.**' કેમકે પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ સ્વસન્મુખ સ્વઆશ્રયે થઈ તે જ દર્શન સ્વસન્મુખમાં લઈ જવાનું કારણ છે, તે જ દૃષ્ટિ સ્વસન્મુખમાં લઈ જવાનું કારણ છે. કારણ કે સ્વસન્મુખમાં લઈ જતાં, લઈ જતાં કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં વ્યવહારથી, વિકલ્પથી પણ એ તો મુક્ત છે. વ્યવહાર છે ખરો, હોય છે પણ સમ્યગ્દર્શનનું ધ્યેય તો સ્વરૂપમાં છે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, પર્યાયનું પરિણમન દ્રવ્ય ઉપર થઈ ગયું છે. એ રાગથી તો મુક્ત છે.

એ સમ્યગ્દૃષ્ટિ ક્રમે ક્રમે મોક્ષ તરફ લઈ જનાર છે. અર્થાત્ અબંધ પરિણામની ઉગ્રતા તરફ લઈ જનાર સમ્યગ્દર્શન છે. બંધ પરિણામ તરફથી છૂટે છે, અબંધ પરિણામ તરફ લઈ જનાર છે. આહાહા..! કેમકે અબંધસ્વભાવી દ્રવ્ય, અબંધસ્વભાવી દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું તો અબંધસ્વભાવી પરિણામ પણ તેની સન્મુખ ચાલ્યું જાય છે. અબંધસ્વભાવી પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો, મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો (એકાર્થ છે). જ્યારે સમ્યગ્દર્શન અબંધસ્વભાવી દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયું તો એ ક્રમે ક્રમે અબંધ પરિણામ તરફ જ ઝુકે છે. કેવળજ્ઞાન સુધી લઈ જાય છે. સમજાણું કાંઈ?

'**જો સમ્યક્ત્વ ન હોય તો કેવળ પુણ્ય બાંધીને સંસારભ્રમણના જ કારણ છે.**' સ્વનો આશ્રય થયો નહિ અને એકલા પરના આશ્રયે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ કરે છે (તો) પુણ્ય છે, સંસારનું કારણ છે. બંધનું કારણ કહો કે પરનો આશ્રય રખડવાનું કારણ છે. '**જેમ મૂળ વિના વૃક્ષ નથી,...**' મૂળ વિના વૃક્ષ હોય છે? '**પાયા વિના ઘર નથી. તેવી જ રીતે સમ્યક્ત્વના બીજ વિના ધર્મરૂપી વૃક્ષ ઉગતું નથી.**' કહો, સમજાણું કાંઈ? '**જેને અનેક શાસ્ત્રોનું જ્ઞાન હોય, પરંતુ સમ્યક્ત્વ ન હોય તો તે જ્ઞાની પંડિત નથી.**' ઓહોહો..! એક દેડકું આત્માનો આશ્રય કરીને આ આનંદ છે... નવ તત્ત્વના શબ્દોનો ખ્યાલ નથી, (પરંતુ) આ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે,

આ એનાથી વિરુદ્ધ જે રાગાદિ છે તે આનંદની જાત નથી, દુઃખ છે. બસ! એમાં બધી આવી ગયું. આનંદનું પૂર્ણ સ્વરૂપ તે જીવ છે, તેનાથી વિરુદ્ધ તે અજીવ છે. આનંદ તરફની રુચિ, પ્રીતિનું પરિણમન થયું તે સંવર, નિર્જરા છે. તેનાથી રાગ (વિપરીત છે), તે આસ્રવ, બંધનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? શબ્દોની કાંઈ જરૂર નથી, ત્યાં ભાવની જરૂર છે. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સ્પર્શ થયો તો નવ તત્ત્વનું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની રુચિ, ભાસ થયું, વેદન થયું તો આખો આત્મા અતીન્દ્રિય આનંદમય છે તે જીવ થયો. એ પર્યાય પ્રગટ થઈ તે સંવર, નિર્જરા થયા. તેનાથી વિરુદ્ધ જેટલા આ પુણ્ય-પાપના વિકલ્પ આકુળતા છે, તે આનંદની જાત નથી, તેનું જ્ઞાન થઈ ગયું. અને આ દ્રવ્યથી વિરુદ્ધ બીજા દ્રવ્ય છે, આ આનંદમૂર્તિ પૂર્ણ છે તેનાથી વિરુદ્ધ છે તે બધા અજીવ છે.

મુમુક્ષુ : આવી વિદ્યા ક્યાંથી યાદ રાખવી?

ઉત્તર : આ આવી ને, જુઓને! આ કહીએ છીએ ને, શું કહીએ છીએ? વિદ્યા શું ત્યાં કંઈ ગોખવું છે? શબ્દો ગોખવા છે? અંતર્મુખની દૃષ્ટિ થઈ ત્યાં સર્વસ્વ થયું. એ પાઠ તો ચાલે છે. પાટણીજી! આહાહા..! સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ ન હોય તો તે જ્ઞાની પંડિત નથી. સમ્યક્ત્વ હોય તો જ તે જ્ઞાની છે. તેનું શાસ્ત્રજ્ઞાન સફળ છે. બાર અંગની વાણીનો સાર એ જ છે કે પોતાના આત્માને પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન...'** પરદ્રવ્યથી અને પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ, તેનાથી **'ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે...'** એકલો પ્રભુ શુદ્ધસ્વરૂપી જાણે. સમજાણું કાંઈ?

ત્યાં એ કહ્યું ને? છઠ્ઠી ગાથામાં એ કહ્યું, પરદ્રવ્યથી ભિન્ન 'उपास्यमानः' એવો શુદ્ધ કહેવામાં આવે છે. એ ('સમયસાર'ની) છઠ્ઠી ગાથા. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** પરદ્રવ્યથી ભિન્ન. 'उपास्यमानः' કેમકે પરદ્રવ્યથી લક્ષ છોડીને અહીંયાં ઉપાસ્યમાન થયો તો શુદ્ધતા પ્રગટ થઈ, શુદ્ધતા પ્રગટ થઈ તો આ આખો (આત્મા) શુદ્ધ છે, તેને (માટે) શુદ્ધ છે. શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય તો એ શુદ્ધ દ્રવ્ય ક્યાંથી આવ્યું? ત્યાં એમ કહે છે. 'उपास्यमानः' તેને કહે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ છે.

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'** આ શુદ્ધ છે એમ કોને થયું? જેને પરદ્રવ્યનું લક્ષ, આશ્રય છોડીને પોતા તરફનું ઉપાસ્યમાન થયું તો પર્યાયે દ્રવ્યની સેવા કરી, તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટી, એ શુદ્ધતાથી જાણ્યું કે, આ શુદ્ધ છે. શુદ્ધ તો ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? ત્યારે ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયના વેદન વિના આ શુદ્ધ છે, એ ક્યાંથી આવ્યું? ત્યાં એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાયક શુદ્ધ. પણ એ શુદ્ધતાના ભાન વિના પરદ્રવ્યથી હટીને નિજ દ્રવ્યનો આશ્રય લીધો તો આશ્રયની પર્યાયમાં શુદ્ધતા આવી અને શુદ્ધતા દ્વારા (જાણ્યું કે) આ દ્રવ્ય શુદ્ધ છે. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે, આ ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ જ છે. સમજાણું કાંઈ?

એ બાર અંગની વાણીનો સાર એ છે કે **'પર ભાવોથી ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે...'** નહિતર તો વસ્તુ, દ્રવ્ય તો શુદ્ધ જ છે, પણ શુદ્ધ છે એવો ભાસ આવ્યા વિના શુદ્ધ કોણે માન્યું? સમજાણું કાંઈ? આ ત્રિકાળ શુદ્ધ છે, પણ ત્રિકાળ શુદ્ધ છે તે કંઈ વાણીનો વિષય છે? શું ધારણાનો વિષય છે? આ શુદ્ધ છે. પરદ્રવ્યનું લક્ષ, વ્યવહારનું (લક્ષ) એટલે પરાશ્રય છોડીને સ્વદ્રવ્યનો આશ્રય લીધો તો સમ્યગ્દર્શન, જ્ઞાનની શુદ્ધતા થઈ તે દ્વારા (જાણ્યું કે) આ આખો શુદ્ધ છે. તેને શુદ્ધ છે, તેને દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યના આશ્રયે અશુદ્ધતાનું સેવન છે અને આ દ્રવ્ય શુદ્ધ છે

એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ : સર્વજ્ઞ ભગવાન જાણે છે કે દ્રવ્ય શુદ્ધ છે.

ઉત્તર : સર્વજ્ઞ ભગવાન જાણે એમાં આને શું આવ્યું? ભગવાન તો જાણે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.. પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.. નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ..' હે નાથ! આપની જાણવાની રીતિમાં દરેક આત્મા સત્તાએ શુદ્ધ છે એમ આપ દેખો છો. કેમકે પુણ્ય-પાપ છે તે કંઈ આત્મા નથી. કર્મ, શરીર અજીવ છે, પુણ્ય-પાપ આસ્રવ છે. ભગવાન જોવે છે—'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા..' આખા દ્રવ્યને—આત્માને ભગવાન શુદ્ધ જ દેખે છે, પણ એ જોવે છે. તારા જાણવામાં આવ્યા વિના તને શુદ્ધ ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહાહા..! હેં?

મુમુક્ષુ : ...

ઉત્તર : ના, બધાને દેખે છે. પણ આત્માને શુદ્ધ જોવે છે, એમ કહે છે. ભગવાન આત્માને શુદ્ધ જોવે છે. આ તો જોવે છે પણ ઓલું તો પર છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની આત્માને કેવો જોવે છે? બધા આત્માને. આત્માને જોવે છે, તો આત્મા શું છે? આત્મા શુદ્ધ છે. રાગને જોવે છે તો આસ્રવતત્ત્વને જોવે છે. કર્મ, શરીરને જોવે છે તો અજીવતત્ત્વને જોવે છે. આત્મા શું? તમારામાં એવો આત્મા જોયો છે, ભગવાન સર્વ આત્માને શુદ્ધ જ જોવે છે. રાગને જોવે છે એ આત્મા નથી, એમ જોવે છે. એને તો અનાત્મા તરીકે ભગવાન જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય જોવે છે, રાગાદિની એક એક સમયની પર્યાય (જોવે છે). જડની પર્યાય એક એક સમયની (જોવે છે). ત્રણકાળ ત્રણલોકના અવિભાગ પ્રતિચ્છેદ એક એક ભિન્ન ભિન્ન કરીને જોવે છે. પણ આત્મા જોવે છે એનો અર્થ શું? આત્મા કોને કહેવો? શું પુણ્ય-પાપને આત્મા કહેવો? સાત તત્ત્વમાં એ તત્ત્વ તો ભિન્ન છે. સાત તત્ત્વ છે કે નહિ? તો શરીર, વાણી, કર્મ અજીવતત્ત્વમાં આવ્યા. પુણ્ય-પાપતત્ત્વ આસ્રવતત્ત્વમાં આવ્યા. તો આત્મા શું?

આત્મતત્ત્વમાં આસ્રવતત્ત્વનો અભાવ છે, આસ્રવતત્ત્વમાં આત્માનો અભાવ છે. અજીવમાં આસ્રવનો અભાવ છે. એમાં તો બહુ મોટી વાત છે. કર્મના ઉદયથી આસ્રવ થાય છે એમ કહો તો કર્મનો ઉદય અજીવપર્યાય છે. અજીવપર્યાય છે તો આસ્રવતત્ત્વ (અને અજીવતત્ત્વ) બે એક થઈ જાય છે. અજીવ અજીવપણે ભગવાન જોવે છે અને આસ્રવને આસ્રવપણે જોવે છે. તેને કારણે આસ્રવ અને આસ્રવને કારણે અજીવ છે, એમ નથી. અને આસ્રવ છે તો આત્મા છે અને આત્મા છે તો આસ્રવ છે, એમ નથી. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગ એટલે ચારે બાજુથી વસ્તુને જોવો તો સત્ય જ ઊભું થાય છે. એક જ પ્રકાર ઊભો થાય છે. ચારે બાજુથી જુઓ, હોં! વસ્તુ સત્ય છે તો એમાં બીજું શું નીકળે? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? સુભાષચંદજી! આહાહા..!

'પ્રભુ તુમ જાણગ રીતિ..' પણ એ તો એ જાણે છે. ઈ જ કહે છે ને કે, ભગવાને જાણ્યું. ભગવાને જાણ્યું એમાં તને શું? ભગવાન તો ત્રણકાળ ત્રણલોક, સામાન્ય અને વિશેષ, એક એક સમયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન ભિન્ન ભગવાન જાણે છે. દિવ્યજ્ઞાન કોને કહે? ઓહોહો..! જેની જ્ઞાનપર્યાય એકલી નિરાવરણ નિર્મળાનંદ થઈ ગઈ. લોકાલોક શું તેનાથી અનંતગુણું હોય તો જાણવાની તાકાત છે. સ્વભાવની મર્યાદા શું? જ્ઞાનની એક સમયની પર્યાય સ્વભાવ છે. સ્વભાવમાં માપ નથી, સ્વભાવમાં હદ નથી. અમાપ.. અમાપ.. અમાપ.. આનાથી અનંતગુણા લોકાલોક હોય તો એક સમયમાં જાણવાની સહજ તાકાત છે. સમજાણું કાંઈ?

(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં..)



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૬૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૯–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૧૮ (વિષય : માર્ગદર્શન)**

**ડો. ગાંગુલી : વ્રત–તપ–ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ–મેલ નીકળી જાય છે ને?**

**પૂ. ગુરુદેવશ્રી : ના, એ તો રાગ છે. એ વ્રત, તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.**

**ડો. ગાંગુલી : તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!**

**પૂ. ગુરુદેવશ્રી :- નહિ. સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ–મરણનો અંત આવતો નથી. તેમાં લાભ બુદ્ધિથી જન્મ–મરણ વધે છે. ૨૬૧.**

(૪૩:૧૦ મિનિટથી..)

ડોક્ટર 'ગાંગુલી' 'કલકત્તા'થી અવારનવાર આવતા હતા ત્યારે પ્રશ્ન પૂછતા હતા. એમના કેટલાક પ્રશ્નો આમાં લીધા છે. એમણે પૂછેલું એકવાર કે '**વ્રત–તપ–ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ–મેલ નીકળી જાય છે ને?**' હવે એમને પ્રશ્ન પૂછવાનું કારણ છે. અમારે પરિચય હતો. (સંવત) ૨૦૩૩ની સાલમાં 'કલકત્તા' પર્યુષણમાં જવાનું થયું ત્યારે 'ગુરુદેવશ્રી'ની તબિયત પણ અસ્વસ્થ રહેતી હતી. એટલે કેટલાક ડૉક્ટરોની સાથે ત્યાં કન્સલ્ટીંગ ગોઠવ્યું હતું એમાં એમની સાથે પણ ગોઠવ્યું હતું. હોમિયોપેથીના સારા સારા પાંચ-છ ડોક્ટરની સાથે કન્સલટેશન કર્યું હતું. પછી આ ડૉક્ટર છે એ ખાલી ડૉક્ટર જ છે એમ નથી પણ એમની વિશેષતા એ છે કે ધાર્મિક વૃત્તિના માણસ છે. અત્યારે તો એમણે નિવૃત્તિ લઈ લીધી છે. ક્યાંક કોઈક આશ્રમમાં એ બાજુ રહે છે. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે અમુક ઉંમર સુધી પ્રવૃત્તિ કરવી. નાના ભાઈનું કુટુંબ છે, મધર છે. પોતે અપરણિત રહ્યા છે ધાર્મિક જીવન ગુજારવા માટે.

આમ તો હિન્દુ વેદાંતની માન્યતાવાળા છે. પણ એક ધાર્મિક આસ્થાવાળા છે અને એક ધર્મકાર્ય કરવું એની અંદર પણ એટલી આસ્થા હોય છે. એટલે અહીંયાં આવ્યા પછી એણે જોયું કે આ એક સારો પ્રસંગ છે. એટલે બુદ્ધિશાળી માણસ જરા ઊંડા ઉતરવાનો પ્રયત્ન કરતા હતા. એટલે માત્ર એ પછી ડૉક્ટરના હિસાબે નહિ પણ 'ગુરુદેવશ્રી'ના પ્રવચનોનો લાભ લેવા પણ ક્યારેક ક્યારેક આવતા હતા. એટલે એ રસ લેતા હતા, પ્રવચનમાં રસ લેતા હતા, ચર્ચામાં રસ લેતા હતા. પ્રવચનની અંદર પૂછતા હતા. ચર્ચામાં પણ રાત્રે પ્રશ્નો પૂછતા હતા. બંગાળી ડૉક્ટર છે.

'**વ્રત–તપ–ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ-મેલ નીકળી જાય છે ને?**' એટલો તો આત્મા શુદ્ધ થાય છે ને? ઉપર ઉપરથી એની છાલ-ફોતરી તો નીકળે મેલની. મૂળમાંથી ભલે મેલ ન નીકળતો હોય. પણ ઉપર ઉપરથી તો મેલ ધોવાય છે કે નહિ? વ્રત-તપ

કરે છે, ત્યાગ કરે છે ત્યારે માણસ અશુભમાં જતો નથી ને. વિષયોનો ત્યાગ કરે છે, તપ-વ્રતમાં સંયમ રાખે છે ત્યારે અશુભમાં નથી જતો એટલે એની ઉપરની છાલ તો મેલની નીકળે છે ને? આવો એક પ્રશ્ન ઉઠાવ્યો છે.

ઉત્તર આપ્યો છે કે '**ના, એ તો રાગ છે.**' એવો જે વિચાર આવે છે કે હું આ પદાર્થનો ત્યાગ કરું, આ વિષયનો ત્યાગ કરું, આટલું વ્રત લઉં, આટલો સંયમ પાળું, એ પ્રકારનો વિકલ્પ છે એ રાગ છે. અને '**એ વ્રત, તપ આદિ કરવાના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.**' 'ગુરુદેવશ્રી'ની શૈલી એ હતી કે સૌથી વધારે ભયંકર મિથ્યાત્વરૂપી મેલ છે, મિથ્યાત્વરૂપી કલંક છે, દોષ છે એ સૌથી મોટું છે. અને એ ક્યાંથી ઉત્પન્ન થાય છે? કે રાગને સ્વરૂપે, પોતારૂપે માનતા ઉત્પન્ન થાય છે. જે જીવો અશુભ રાગે પરિણમે છે તેઓ પણ તે રૂપે પોતાને માને છે અને જે જીવો શુભ રાગે પરિણમે છે તેઓ પણ તે રૂપે પોતાને માને છે. એ મિથ્યાત્વની અપેક્ષાએ બંને એક જ વર્ગમાં છે, જુદા જુદા વર્ગમાં નથી.

લૌકિક રીતે લોકોને જુદું દેખાય છે કે આ ત્યાગી છે અને આ ભોગી છે. ભોગી કરતા ત્યાગી સારા છે. એવો ઉપરટપકે લોકો જગતમાં ભેદ પાડે છે. પરમાર્થના પ્રકરણમાં એ પ્રકારનો ભેદ નથી. બીજી રીતે આખું વિચારવામાં આવે છે કે રાગ માત્ર છે એને પોતાનો માનવો કે મેં આવો સારો રાગ કર્યો, મેં કર્યો, મારો રાગ છે એ હું કરનારો છું, એમ કરનાર હું છું. ગૃહસ્થ છું તો ગૃહસ્થને યોગ્ય રાગ હોયને મારે. એમ રાગને પોતાનો માનવો અથવા ગૃહસ્થ હું છું એમ ગૃહસ્થાઈમાં પોતારૂપપણું માનવું અને ત્યાગ કરીને હું ત્યાગી છું એમ ત્યાગીમાં પોતારૂપપણું માનવું એ બંને એક જ વાત છે. બે કોઈ જુદી જુદી વાત છે નહિ. એમ કહે છે. એટલે ત્યાંથી સીધું દર્શાવે છે.

મિથ્યાત્વ છે એ મોટો ગુનો છે, એ મોટું પાપ છે. એ સ્વરૂપને ભુલાવામાં નાખનાર ભ્રમણા છે અને કોઈપણ બહાને એ ભ્રમણા સેવવા જેવી નથી. પછી વ્રત, તપ, ત્યાગના બહાને પણ એ ભ્રમણા રહેતી હોય તો એ ભ્રમણાનો પહેલા ત્યાગ કરવો, ભ્રમણાનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે અને એમાં શક્તિને રોકવી. બાહ્ય પદાર્થના ત્યાગમાં શક્તિને રોકીને ભ્રમણાને દૃઢ કરવા જેવું નથી. મિથ્યાત્વ દૃઢ થાય એ તો ઊલટું થઈ જશે. એમાં તો તેં શક્તિને મિથ્યાત્વ દૃઢ કરવામાં લગાવી, શલ્ય રહી ગયું. એ વિષય આપણે એકવાર આગળ આવી ગયો છે. જેમ વ્રત, તપ, ત્યાગ કરનારને શલ્ય રહે છે એમ ક્ષયોપશમ જ્ઞાનથી, બહિર્લક્ષી જ્ઞાનથી લાભ થાય એને પણ શલ્ય રહી જશે. મિથ્યાત્વનું શલ્ય રહી જશે.

એ તો મૂળ સમ્યક્ત્વનો વિષય જ એ છે કે પોતાનું મૂળ સ્વરૂપ સહજ પ્રત્યક્ષ છે એમ પોતાને પ્રત્યક્ષ સ્વીકારવો એ સમ્યક્ત્વનું સ્વરૂપ છે. એના બદલે કોઈપણ પર્યાય જે સાપેક્ષ છે, કર્મસાપેક્ષ છે, કાં તો ઉદય સાપેક્ષ છે, કાં ક્ષયોપશમ સાપેક્ષ છે, કાં ઉપશમ સાપેક્ષ છે અને કાં ક્ષયને સાપેક્ષ છે. ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષાયિક એ ચારેય પ્રકારના કર્મ સાપેક્ષ પર્યાયોને, પર્યાય એ સિવાય હોતી નથી, કર્મની અપેક્ષા સિવાય પર્યાય હોતી નથી, કોઈપણ કર્મ સાપેક્ષ અવસ્થાને પોતારૂપે માનવું એ મૂળ સ્વરૂપના વિષયમાં ભ્રમણા ઉત્પન્ન કરનારો વિષય છે. મૂળ સ્વરૂપને જ પોતારૂપે માનવું અને એ મૂળ સ્વરૂપને કોઈ પર્યાયવેશ નથી. પર્યાયનો વેશ છે એ વેશ તે વેશ છે અને મૂળ સ્વરૂપ નથી. એમ પહેલેથી શ્રદ્ધા-જ્ઞાન કરવું જોઈએ. વચનામૃતમાં એક બોલ આવે છે. આત્માને ગૃહસ્થપણું નથી, મુનિપણું નથી અને આત્માને કેવળજ્ઞાનનો વેશ પણ નથી. એમ બધી વાત લઈ લીધી છે.

મુમુક્ષુ :- ૨૪૬.

પૂજ્ય ભાઈશ્રી :- '**બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો!**' બહાર ત્યાગ કર્યો એટલે મેં મારા આત્માનું કલ્યાણ કર્યું અને ધર્મમાં આગળ વધ્યો. પણ આત્માનું જેને ભાન નથી, મૂળ સ્વરૂપનું જેને ભાન નથી એના ભાન વિનાનો, મેં આ કર્યું, મેં આ ત્યાગ કર્યો, મેં આ ત્યાગ કર્યો (એવા ભાવમાં) ઊલટું શલ્ય વધારીને મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. આગળ એ આવી ગયું છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વની પુષ્ટિ કરી એનું ફળ શું?

પૂજ્ય ભાઈશ્રી :- પરિભ્રમણ. ચાર ગતિમાં પરિભ્રમણ થાય છે.

એટલે એ રીતે ઉપરની છાલ-મેલ ધોવાથી કાંઈક આત્માને લાભ થશે એમ માનીને એ આદરવા જેવું નથી. ગાંગુલી નહિ, આ તો ગાંગુલીને બહાને આ વાત મૂકી છે. સામાન્ય જગતમાં આ જાતની ધર્મના વિષયમાં ભ્રમણા ચાલે છે. તમારા દિગંબર સંપ્રદાયમાં આટલું સાહિત્ય અને આવું તત્ત્વ પડ્યું છે ત્યાં પણ આ ભ્રમણા છે. બીજે ક્યાં વાત કરવી?

'ગુરુદેવશ્રી' પાસે એક દિગંબર ભાઈ આવ્યા હતા. (એક મુમુક્ષુના) સગા થાય. મહારાજ! આપકા પ્રવચન સુના, બહુત જ્ઞાન હૈ. આપકા જ્ઞાન તો બહુત હૈ. લેકિન એક મેરી વિનંતી હૈ આપકો કિ આપ પડિમા ધારણ કર લો તો સારા દિગંબર સમાજ આપકે ચરણ મેં પડ જાયેગા. ઠીક! શું કહ્યું? બ્રહ્મચારી તો છો એમ કહે. હવે એક જો પ્રતિમા આપ ધારણ કરી લ્યો તો... ગૃહસ્થ પણ પ્રતિમા ધારણ કરે છે. પછી છઠ્ઠી પ્રતિમામાં બ્રહ્મચર્ય વ્રત લે છે. અગિયાર પ્રતિમામાં છઠ્ઠી પ્રતિમામાં બ્રહ્મચર્ય વ્રત આવે છે. બ્રહ્મચર્ય તો આપ પહેલેથી પાળો છો. હવે વાત રહી જો પ્રતિમા ધારણ કરો એટલે ક્ષુલ્લક-ઈલ્લક એવું કાંઈ દસમી-અગિયારમી પ્રતિમા લઈ લે તો આપનો ત્યાગી વેશ જોઈને અમારો આખો દિગંબર સમાજ તમને માનવા માંડશે. કેમકે લોકોને ત્યાગનો મહિમા છે.

'ગુરુદેવ' કહે છે કે એમ કૃત્રિમ રીતે પ્રતિમા લેવાનો આ માર્ગ નથી. અને આખા સમાજને પગે પાડવા માટે પ્રતિમા લેવી એ તો લોકસંજ્ઞા થઈ ગઈ, એ તો મિથ્યાત્વભાવ થયો, લોકસંજ્ઞા, લોકદષ્ટિ થઈ ગઈ. લોકોનું આકર્ષણ કરવા માટે આમ કરો, લોકોનું આકર્ષણ કરવા માટે આમ કરો. એમ કહેવાતી બાહ્યધર્મની પ્રવૃત્તિ લોકદષ્ટિની મુખ્યતાથી કરવી ઘટે નહિ. એ પ્રકાર ન આવવો જોઈએ. આપણામાં પણ એ પ્રકાર આવવો જોઈએ નહિ.

આત્મદષ્ટિથી આત્માનું હિત કરતા કરતા જે કોઈ બાહ્ય પ્રવૃત્તિ થઈ જાય, કરવી નથી પણ થઈ જાય, નિષેધપૂર્વક થઈ જાય એમાં બીજાને નિમિત્તનું કારણ બની જાવ તો બની જાવ, મારે લેવા-દેવા નથી. એમ હોવું જોઈએ.

બીજો પ્રશ્ન કર્યો છે કે '**તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!**' આ તો આવી ઊંચી ઊંચી વાત તો ઊંડા ઉતરેલા જીવો કરે, આગળ વધેલા કરે. સામાન્ય સંસારી જીવો છે એ બધા વ્રતાદિ ધારણ કરે તો એને માટે સારું તો છેને? એમ '**નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી,...**' સાધારણ હોય કે વિશેષ હોય, રાગથી ધર્મ નથી. વીતરાગ ધર્મ એવો જે ધર્મનુ સ્વરૂપ છે એ રાગપૂર્વક અને રાગમય નથી. જેમાં રાગ છે તે ધર્મ નથી. જે પર્યાયમાં રાગપણું છે ત્યાં ધર્મ નથી. ધર્મીજીવને પણ જેટલો રાગ છે તેટલો ધર્મ નથી. જેટલી વીતરાગતા છે એટલો ધર્મ છે એમ છે ખરેખર. એટલે સાધારણ હોય કે વિશેષ હોય, કોઈને પણ એ વ્રતાદિથી એટલે વ્રતાદિના રાગથી ધર્મ નથી. અને એ રાગથી, '**એનાથી...**' એટલે એ રાગથી '**જન્મ-મરણનો અંત આવતો નથી.**' રાગ તો નવા જન્મ-મરણ કરવાનું નિમિત્ત કારણ છે. પછી જન્મ-મરણ થાય છે. પણ અહીંયાં નિમિત્ત છે એ તો રાગ છે. એનાથી એનો છેડો આવે છે—મટે છે એ વાત તો રહેતી નથી. જેનાથી ઉત્પન્ન થાય એનાથી મટે કેમ?

'**એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. તેમાં લાભ બુદ્ધિથી...**' આ મિથ્યાત્વ થઈ ગયું. એ વ્રતાદિનો મને રાગ થયો, એવો રાગ મેં કર્યો, તેથી મને લાભ થયો, કાંઈક લાભ થયો, થોડોક તો લાભ થયો. વ્રતાદિ દષ્ટાંત છે. શાસ્ત્ર વાંચન અને શ્રવણ થાય છે તો આટલા કલાકનો શાસ્ત્ર સ્વાધ્યાય કર્યો, આટલું વાંચ્યું, વાંચન કર્યું, શ્રવણ કર્યું તેથી કાંઈક લાભ થયો એમ રાગથી લાભ માને તો એ '**લાભ બુદ્ધિથી જન્મ-મરણ વધે છે.**' જન્મ-મરણ મટવાનો પ્રશ્ન નથી પણ જન્મ-મરણ વધવાનો એ પ્રશ્ન છે. નુકસાન થાય છે.

ધર્મ કરવાના બહાને ધર્મના ક્ષેત્રમાં આવે અને નુકસાન થાય? કે હા. વેપાર કરવા દુકાને બેસે અને વેપાર

કરતા આવડે નહિ તો નુકસાન થાય. એમને એમ વેપાર કરાતો નથી. વેપાર કરવા માટે પણ એની પ્રેક્ટિકલ ટ્રેઈનિંગ લેવી પડે છે. ભલે નિશાળમાં બી.કોમ. ને એમ.કોમ થઈને કોલેજમાંથી આવ્યો હોય અને આમ વેપાર થાય અને આમ સરવૈયા કઢાય ને આમ નફા–નુકસાનના બધા પાસા તપાસાય અને બધી ખબર પડતી હોય તોપણ વેપાર કરવો એ બીજી વાત છે. ભણવું અને ગણવું બે વાત આપણે ત્યાં કહે છે. એ ગણવાનો એટલે પ્રેક્ટિકલ ટ્રેઈનિંગની વાત છે.

એમ અહીંયાં પણ લાભબુદ્ધિ છે, જે કાંઈ રાગ થાય એમાં લાભબુદ્ધિ છે એ નુકસાનનું કારણ છે. અથવા જે કાંઈ પર્યાય થાય એ પર્યાયમાં આત્મબુદ્ધિ છે એને પર્યાયબુદ્ધિ–પર્યાય મૂઢાઃ પરસમયા કહેવામાં આવે છે. આત્મામાં આત્મબુદ્ધિ કરવા માટે સ્વાધ્યાય છે. સ્વાધ્યાયની પર્યાયમાં આત્મબુદ્ધિ કરવા માટે સ્વાધ્યાય નથી. એ સ્વાધ્યાય નથી. ત્યાં એણે સ્વાધ્યાય નથી કર્યો એણે બીજું કાંઈક કર્યું છે. નુકસાન—મિથ્યાત્વનું પોષણ કરવાનું કામ કર્યું. સ્વાધ્યાય તો એને કહીએ કે જે આત્મામાં આત્મબુદ્ધિ કરવાના પ્રયત્નમાં લઈ જાય એને સ્વાધ્યાય કહેવામાં આવે છે. એમ મૂળ લેવું. એટલે વ્રતાદિ. આદિમાં અનેક બોલ લઈ લેવા. લાભબુદ્ધિ એટલે હિતબુદ્ધિ એટલે કલ્યાણનું કારણ માને એને જન્મ–મરણ મટવાનું કારણ થતું નથી.

***

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના ૧૧૧ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૧૧ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૧૦-૫-૨૦૨૨ થી તા. ૧૨-૫-૨૦૨૨ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા. ૧૨-૫-૨૦૨૨, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત નિમ્નલિખિત મોબાઈલ નંબરમાં વોટ્સ-અપ કરવા વિનંતી.

સંપર્ક : શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬

આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની'માંથી ચૂંટેલા અનુભવપૂર્ણ વચનામૃતો

## સુખ ઉપલબ્ધિ

આત્મા સુખનું અક્ષયપાત્ર છે. પ્રદેશે પ્રદેશે અનંત સુખ-શાંતિ ભર્યાં છે. ગમે તેટલું સુખ પીવાય, પરંતુ સુખધામમાંથી જરાપણ ઓછું થવાનું નથી. ફક્ત જીવને આ વિદ્યમાન સુખની પ્રતીતિ હોવી ઘટે છે. ભ્રાંતિગતપણે જે જે પ્રસંગોમાં અને પદાર્થોમાં સુખ ભાસે છે, તે સ્થિતિ આત્મામાં સુખની પ્રતીતિ થવામાં બાધક છે. સત્પાત્રતા આવ્યે ભ્રાંતિમાં ફેર પડે છે – મોળી પડે છે અને પરભાવમાં દુઃખ લાગવાનું શરૂ થાય છે. સ્વરૂપ-સુખની શોધ ભ્રાંતિને મોળી પાડે છે. ત્યારે સુખને શોધતું જ્ઞાન નિજાવલોકનમાં 'જ્ઞાન સ્વયં સુખરૂપ છે'– તેમ 'સુખખાણ'નો પત્તો મેળવી લ્યે છે. અવલંબનભૂત એવા સુખનિધાનના અસ્તિત્વને જોતાં- ગ્રહતાં, સુખ પ્રાપ્તિની અનાદિની અપેક્ષિત વૃત્તિ જોર કરે તે સહજ અને સ્વાભાવિક છે  આ પ્રકારે આત્મિક સુખની ઉપલબ્ધિ છે. (૧૦૧૬)

***

માણસમાત્રનું ધ્યાન નિરંતર સુખપ્રાપ્તિનું વર્તે છે, માનેલું કલ્પેલું સુખનું ધ્યાન સહજ રહે છે, છૂટી શકતું નથી. તો પછી જે જ્ઞાનીપુરુષને પોતાનું અનંત સુખધામ પ્રત્યક્ષ છે, તેને અહોરાત્ર તેનું જ ધ્યાન રહે તેમાં શું આશ્ચર્ય છે?

જે મુમુક્ષુની વિચાર દશામાં સંસાર-દુઃખથી નિવૃત્ત થઈ આત્મ-સુખની પ્રાપ્તિનો ખ્યાલ આવ્યો હોય છે, તે આત્મ-સુખ ઈચ્છે છે. તો પણ પૂર્વ સંસ્કારિત વિપરીત પરિણતિ જો બળવાન હોય છે, તો તે મૂંઝાય છે, – મૂંઝાવુ પડે છે. એ તીવ્ર થાય તો, તેમાંથી 'માર્ગ'ની શોધ જાગે છે. અને ત્યારે જ માર્ગ મળે છે.  (૧૨૫૫)

***

વસ્તુસ્વરૂપની અસંગતા-ભિન્નતા, પરમાં અનાદિ સુખબુદ્ધિ અને આધારબુદ્ધિનો અભાવ કરે છે. જ્ઞાનનું રૂપ 'સુખ' અવલોકનમાં આવવાથી સ્વયં – સુખધામની પ્રતીતિ અને પોતામાં સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી ઉપયોગ સહજ ખેંચાય છે. ઉપયોગનું વલણ હંમેશા સુખના નિશ્ચય તરફ સહજ જ રહે, તેવો વસ્તુ-સ્વભાવ છે. (૧૨૯૦)

***

સુખસ્વભાવી એવા જીવને, સુખ જોઈએ, તે વિના ચેન પડે નહિ, તૃપ્તિ થાય નહિ. નિજસુખના અજાણપણાને લીધે, સુખ અર્થે વિધ વિધ પદાર્થ – પ્રાપ્તિની ઈચ્છા સહજ થયા કરે, જે સ્વયં દુઃખરૂપ – આકુળતારૂપ, અંતરદાહરૂપ છે. તેવા અંતરદાહને શાંત કરવા અર્થે શાંત – સુધારસમય જ્ઞાન સ્વરૂપમાં અંતર્મુખ થવું – તે એક માત્ર ઉપાય છે. ઉપશમરસથી ત્રિવિધ તાપાગ્નિ શાંત થાય છે – એવા જ્ઞાનીપુરુષના નિશ્ચયને નમસ્કાર હો !! (૧૩૬૩)

પ્રશ્ન :- પરપદાર્થની ઈચ્છાપૂર્વક પ્રાપ્તિ થાય છે, ત્યાં દુઃખ કેમ લાગે ? ત્યાં તો સુખાનુભવ થવો સહજ છે, આમ થવાનું શું કારણ ?

સમાધાન : યથાર્થપણે, જ્યાં સુધી જ્ઞાનમાં નિર્મળતા ન આવે ત્યાં સુધી સુખાભાસમાં 'ખરેખર સુખ'નો અનુભવ થાય છે. તેવી ભૂલ યથાર્થપણે દર્શનમોહનો અનુભાગ ઘટવાથી, પકડાય છે. તેવી નિર્મળતાથી જ્ઞાનમાં સુખનું રૂપ જણાય છે અને આત્મામાં અનંત સુખ છે તેનો નિશ્ચય થાય છે. આકુળતારૂપ દુઃખ ઈચ્છામાં રહેલું છે. તેમાં સુખનો અનુભવ થવો તે જ્ઞાનનો વિપર્યાસ છે. (૧૩૯૩)

***

વિયોગનું દુઃખ વસમું છે. કારણકે જીવે સંયોગનો રસ–મીઠાશ બહુ વેદેલ છે. તોપણ જીવ આત્મકલ્યાણ અર્થે સત્પુરુષ અને સત્સ્વરૂપના વિયોગની વેદનાને વેદે તો તે આત્મકલ્યાણકારી છે. જે વેદનાના ગર્ભમાં (ફળ સ્વરૂપે) સાદિ અનંત સ્વરૂપના સંયોગ (!) સુખનો અનુભવ પડયો છે. (રહેશે) અને કદી કોઈના વિયોગનું દુઃખ અનુભવવાનો અવસર જ નહિ આવે. (૧૬૯૬)

***

## સ્વરૂપ નિશ્ચય

પ્રશ્ન : સ્વરૂપનો નિર્ણય થાય છે અને સ્વરૂપ-લક્ષ થાય છે, તો તે બંન્ને વચ્ચે શું સંબંધ છે ?

સમાધાન : નિર્ણય એટલે સ્વરૂપની ઓળખાણ અથવા સ્વરૂપનો નિશ્ચય અને લક્ષ એટલે ઓળખાયેલું પરમ પ્રયોજનભૂત એવું નિજ સ્વરૂપ જ્ઞાનમાંથી ન ખસવું તે એવું લક્ષ સ્વરૂપના નિર્ણયથી થાય છે. તેથી નિર્ણય કારણ છે અને લક્ષ થવું તે કાર્ય છે. બંન્ને એક જ કાળે સમકાળે થાય છે. (૧૭૨૫)

***

સ્વરૂપની ઓળખાણ વિના, માત્ર જાણપણું કરી, ઓઘસંજ્ઞાએ સ્વરૂપનું ચિંતવન, રટણ કરતાં ભાવમાં શુષ્કતા આવે છે અને સ્વરૂપના મહિમાથી જે પ્રકારનો પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ, તેમ બનતુ નથી. તેથી સ્વરૂપલક્ષ થવા જ્ઞાનીઓનો ઉપદેશ છે, તેમ સમજવા યોગ્ય છે. ઓઘસંજ્ઞા જ્યાં સુધી છે ત્યાં સુધી જ્ઞાન રાગના આધારવાળું અને કલ્પના યુક્ત હોય છે. જ્ઞાનના આધારે જ્ઞાન સ્વભાવ ભાસવાથી ચૈતન્ય વીર્યની સ્ફુરણા થઈ સ્વભાવ સમીપ જવાય છે. (૧૭૫૬)

***

જિજ્ઞાસા : સ્વરૂપનું અસ્તિત્વ ગ્રહણ થતાં જ્ઞાનમાં કેવી પ્રતીતિ આવે ?

સમાધાન : સ્વરૂપના અસ્તિત્વમાં અનંત સામર્થ્ય રહેલું છે, તે 'સ્વપણે' પ્રતિભાસે છે, અનંતજ્ઞાન અને અનંતસુખની ખાણ પ્રત્યક્ષ થાય છે, વળી એક જ સમયમાં ઉત્પાદ - વ્યય હોવાથી અને જ્ઞાનના સાતત્યથી સ્વયંની નિત્યતા-શાશ્વતપણું અવભાસે છે, જે પોતાના ધ્રુવ - કારણ પરમાત્માનું ગ્રહણ છે, અને તેથી (૧) મૃત્યુ

આદિ સર્વ પ્રકારના ભય મટે છે, અને (૨) પરની - દેહાદિની આધારબુદ્ધિ અને સુખબુદ્ધિરૂપ મોટા વિપરીત અભિપ્રાયોનો નાશ થાય છે, (૩) કુતૂહલવૃત્તિનો - પરલક્ષનું પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ નાશ કરે છે, (૪) પરિપૂર્ણ સ્વરૂપની આધારબુદ્ધિ અનાદિ દીનતાને મીટાવે છે, અને (૫) પરથી ઉપેક્ષારૂપે થઈ યથાર્થ ઉદાસીનતામાં લાવે છે, –આ ઉદાસીનતા અધ્યાત્મની જનની છે. - આમ અનેક પડખાથી પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ આવે છે. ૧૭૬૭)

***

અવલોકનમાં આગળ વધેલા મુમુક્ષુજીવે અપૂર્વ અંતર જિજ્ઞાસામાં આવવું ઘટે છે. સ્વરૂપ સામર્થ્યનો યથાર્થ નિશ્ચય થવા અર્થે આવી જિજ્ઞાસા કારણભૂત છે; કે જે જિજ્ઞાસા વશ સહજ ઉદાસીનતા, ઉદયમાં, રહે અને દર્શનમોહનો અનુભાગ અત્યંત મંદ થઈ જાય, જેથી જ્ઞાન નિર્મળ થઈ નિજમાં નિજ સ્વભાવને નિજરૂપે ગ્રહણ કરે. જ્ઞાનમાં સ્વભાવ પ્રગટ છે, પરંતુ નિર્મળતા વિના નિર્મળ સ્વભાવ લક્ષમાં આવતો નથી. (૧૭૬૯)

***

જ્ઞાન શબ્દ વાચક છે, જ્ઞાનભાવ તેનું વાચ્ય છે. જ્યાં શબ્દ સાધન છે, ત્યાં તે જ્ઞાન પદનો અર્થ જ્ઞાનના અનુભવથી સાધ્ય થવો તે જ્ઞાન - પદાર્થનું ભાવભાસન છે. જ્ઞાનનું પોતારૂપે ભાવભાસન થતાં જ સહજ જ્ઞાનરસ આત્મરસ ઉત્પન્ન થાય છે. આમ જિનવાણીનો ઉપકાર થાય છે. (૧૭૯૩)

***

જિજ્ઞાસા : પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે પરમ સત્સંગ પ્રાપ્ત થયા પછી સ્વરૂપની ઓળખાણ થવા અર્થે કેવો પ્રયાસ અપેક્ષિત છે ?

સમાધાન : સ્વરૂપની ઓળખાણ એ બીજજ્ઞાન છે અને સમ્યક્ત્વનું અંગ છે. કેમકે સ્વભાવના સંસ્કારનું કારણ હોવાથી તેનું મહત્વ ઘણું છે. તે ઓળખાણ જ્ઞાનલક્ષણ કે જે સ્વસંવેદનરૂપ છે, તે દ્વારા થાય છે. લક્ષણથી લક્ષિત થયેલું નિજ પરમાત્મ પદનું લક્ષ મટતું નથી અને સ્વરૂપ લક્ષે થયેલ સામાન્ય જ્ઞાનના આવિર્ભાવથી (વિશેષ જ્ઞાનના તિરોભાવપૂર્વક) પરમાર્થ નિર્વિકલ્પ સમ્યક્દર્શન અને સ્વાનુભવની પ્રાપ્તિ છે.

વેદનભૂત એવું જે જ્ઞાનલક્ષણ, તે સર્વકાળ જીવોને પ્રગટ છે, છતાં જ્ઞાનની નિર્મળતા અને સૂક્ષ્મતાના અભાવને લીધે માલૂમ પડતું નથીઃ અર્થાત્ ભ્રાંતિને લીધે આવરણ પ્રાપ્ત હોવાથી માલૂમ પડતુ નથી - તે દૂર થવા અર્થે યથાર્થ પ્રકારે વિભાવરસ મંદ પડવો ઘટે છે. તેમજ ગમે તેવા ઉદયકાળે રસ તીવ્ર ન થાય તેની જાગૃતિ રહેવી ઘટે છે. વિભાવ રસ મંદ થવા માટે જ્ઞાનીપુરુષની અચલ પ્રતીતિ સમેત સ્વચ્છંદ નિરોધ ભક્તિ કે જે ભક્તિના સદ્ભાવમાં સંસાર ભક્તિ - સંસાર પરિણતિ ભેદાય અને વિરક્તિ સહજ (ઉદયમાં) રહે. બીજો પ્રયોગ નિજ પરિણામોનું સતત અવલોકન રહેવું તે છે, કે જે અવલોકનના અભ્યાસે જ્ઞાન સૂક્ષ્મ અને નિર્મળ થઈ જ્ઞાનવેદન સુધી પહોંચે, જેના આધારે સ્વરૂપ ઓળખાય. અવલોકનનો અભ્યાસ વિભાવરસને તત્કાળ તોડે છે, જેથી દર્શનમોહ યથાર્થ પ્રકારે હાનિ પામે છે, અહીં જ્ઞાનબળ સહજ વધવાથી મનોવિકાર રૂપ મન માંદુ પડે છે અને ભેદજ્ઞાનના સ્તરે મનોજય યથાર્થ પ્રકારે થાય છે. (૧૭૯૮)

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૨-A

(૧૫:૪૦ મિનિટથી...)

પ્રશ્ન :- રુચિની અપેક્ષાએ માતાજી વિચારીએ તો આ આત્મા સિવાય જેટલા પરદ્રવ્યો છે એ તો ભિન્ન છે અને ભિન્ન છે એટલે એનું હોવાપણું તદ્દન જુદું છે. રાગ છે એ આકુળતારૂપ છે. પર્યાય છે એ એક સમયની ક્ષણિક છે અને ભગવાન આત્મા અથવા સામર્થ્યરૂપ આખો સ્વભાવ અનાદિ-અનંત પરિપૂર્ણ અને શુદ્ધ છે. આમ ચારને જ્ઞાનથી વિચારીએ તો ચોખ્ખો આમ સ્પષ્ટ (ખ્યાલ આવે છે કે) સુખ જે જોઈએ છે એ સુખ જ્ઞાયક સિવાય કોઈ બીજાના આશ્રયે મળી શકે નહિ. તો હવે તો આમાં દૃષ્ટિ જ કરવાની (છે), આપ કહો છો કે પહેલા દૃષ્ટિ જ કરવાની છે.

ઉત્તર :- દૃષ્ટિ ફેરવવાની છે. વિચારથી નક્કી કર્યું કે જ્ઞાયકમાં સુખ છે. પણ એ પ્રમાણે એને દૃષ્ટિ ફેરવવી જોઈએ. જે નક્કી કર્યું એ પ્રમાણે એની દૃષ્ટિ ફરતી નથી. દૃષ્ટિ તો બહાર થંભી ગઈ છે. દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાવી જોઈએ.

પ્રશ્ન :- અંદરનું મહત્ત્વ વધારે આવવું જોઈએ તો જ ત્યાં..

ઉત્તર :- અંદરનું મહત્ત્વ-મહિમા આવવી જોઈએ. બહારથી એટલો એને રસ ઊડી જવો જોઈએ. અંદરની મહિમા આવે તો દૃષ્ટિ ફરે એને. દૃષ્ટિ ફેરવવા માટે એને પ્રયત્ન જોઈએ છે. એને દુઃખ લાગે, રુચિ થાય પણ થોડું થોડું કરી અને પાછો છૂટી જાય છે. એટલે છેક સુધી પહોંચી શકતો નથી.

પ્રશ્ન :- તીવ્ર રુચિથી પુરુષાર્થ કરે...



ઉત્તર :- તીવ્ર રુચિથી પુરુષાર્થ વારે વારે કરવો પડે છે.

પ્રશ્ન :- પલટતા ઉપયોગને વારે વારે ખેંચીને અંદર તરફ લઈ જવો પડે.

ઉત્તર :- દૃષ્ટિ ફેરવવાની છે. દૃષ્ટિની સાથે ઉપયોગ ભેગો ફરે છે. દૃષ્ટિ એક જોરદાર નિઃશંકરૂપે જ્ઞાયકને ગ્રહણ કરે, દૃષ્ટિ જો સ્થિર થઈ જાય તો ઉપયોગ પણ તે બાજુ આવી જાય.

પ્રશ્ન :- એની મેળે ?

ઉત્તર :- એની મેળે ફરી જાય.

પ્રશ્ન :- દૃષ્ટિ...

ઉત્તર :- દૃષ્ટિ પોતાના જ્ઞાયક ઉપર જાય તો.

પ્રશ્ન :- એની મેળે ઉપયોગ ફરી જાય તો એમાં પુરુષાર્થ નહિ કરવાનો?

ઉત્તર :- જે જાતની એની દૃષ્ટિ જાય એ જાતનો ઉપયોગ પલટે છે. એમ છે. ઉપયોગ ફેરવવાનો પણ પુરુષાર્થ તો હોય છે પણ ઉપયોગ ફર્યા કરે એની સાથે દૃષ્ટિ બહાર જઈને.. દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય તો ઉપયોગ એની મેળે પોતા તરફ આવે છે. એમાં ઉપયોગનો પુરુષાર્થ સહેજે આવી જાય છે.

પ્રશ્ન :- દૃષ્ટિની સાથે જ્ઞાન પણ સાથે જ હોય?

ઉત્તર :- હા, સાથે છે. ઉપયોગ એ જ્ઞાન જ

છે. દૃષ્ટિ સાથે જ્ઞાન ફરે છે.

પ્રશ્ન :- દૃષ્ટિ સ્વરૂપ ઉપર ગઈ હોય તો પુરુષાર્થ તો જાગવો જોઈએ, પણ પુરુષાર્થ જાગતો નથી એટલે એ દૃષ્ટિ ગઈ જ નથી? સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ જ નથી?

ઉત્તર :- દૃષ્ટિ સ્વરૂપ તરફ ગઈ જ નથી. ગઈ હોય તો તો ઉપયોગ પણ તે બાજુ જાય. એ દૃષ્ટિ ફેરવવા પ્રયત્ન કરે. વિચારથી નક્કી કરે છે પણ દૃષ્ટિ જે જ્ઞાયકને ગ્રહણ કરીને દૃષ્ટિ જ્ઞાયક તરફ જાવી જોઈએ તે ગઈ નથી એટલે ઉપયોગ પણ જતો નથી. વિચારથી નક્કી કરે છે. ઉપયોગને ફેરવ્યા કરે છે. બહાર વારે વારે વિચારો કરે, નિર્ણય કરે પણ દૃષ્ટિ જે જ્ઞાયક તરફ જાવી જોઈએ તે જાતી નથી, ગઈ નથી.

પ્રશ્ન :- ગઈ હોય તો પુરુષાર્થ ઉપડે?

ઉત્તર :- દૃષ્ટિ ગઈ હોય તો પુરુષાર્થ ઉપડે. દૃષ્ટિ જ્ઞાયકને ગ્રહણ કરે તો એની સાથે પુરુષાર્થ ઉપડે. પણ એ દૃષ્ટિમાં જ પુરુષાર્થ રહે, દૃષ્ટિ જાય એની સાથે પુરુષાર્થ હોય જ છે દૃષ્ટિની સાથે સાથે. દૃષ્ટિના પુરુષાર્થમાં બધો પુરુષાર્થ આવી જાય. દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગઈ, જ્ઞાયકને ગ્રહણ કર્યો એમાં ભેદજ્ઞાન આવી જાય છે, એમાં જ્ઞાયકની ગ્રહણતા આવી જાય છે, એમાં લીનતાનો પુરુષાર્થ (આવે છે). જે દૃષ્ટિ છે એ બેઠી રહેતી નથી, એની અંદર પુરુષાર્થની ધારા ચાલે છે. એમાં એને એકાગ્રતાનો પુરુષાર્થ આવી જાય છે. બધું આવી જાય છે.

પ્રશ્ન :- બહારના કામમાં તો કામ ન થાય એટલે એમ થાય કે આકુળતા થાય અને ખેદ થાય તો મૂકી દે પડતું. તો આમાં અમારે આકુળતા અને ખેદ થાય તો શું કરવું?

ઉત્તર :- આકુળતા અને ખેદ થાય તો મુંઝાવું નહિ પણ શાંતિ રાખવી પણ રુચિને છોડી ન દેવી. એમ. આકુળતા અને ઉતાવળ ન કરવી. શાંતિ અને ધીરજથી પણ કાર્ય ચાલુ રાખવું. કાર્યની રુચિને છોડી ન દેવી. થાતું નથી, પુરુષાર્થ નથી ઉપડતો પણ કરવાનું તો આ જ છે, મારે આ જ કરવાનું છે. એટલે કાર્ય તો ધીમે ધીમે પણ ચાલુ રાખે. ઉતાવળથી નહિ તો ભલે ધીમે ધીમે પણ કાર્ય પોતાનું જ્ઞાયકને ગ્રહણ કરવાનું કાર્ય છોડી ન દે. જ્યાં જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ થયા વગર રહેતો જ નથી. એને ખરી જરૂરિયાત જણાય તો એ છોડી જ ન દે કે જરૂરનું તો આ જ છે. બહારમાં આકુળતા થાય તો એની જો જરૂરિયાત લાગે તો ગમે તેમ કરીને કરે. આકુળતા થાય તોપણ એ જરૂરિયાત લાગે તો કરે. એમ આત્માની જો જરૂરિયાત લાગે તો એ કાંઈ છોડે જ નહિ અંદરથી. તો ધીરે ધીરે કરે. પણ જરૂરિયાત લાગે તો એ એની પાછળ જ પડે છે.

મુમુક્ષુ :- કેટલી જરૂર લાગી છે એના ઉપર બધો આધાર છે.

ઉત્તર :- જરૂરિયાત કેટલી લાગી છે એની ઉપર છે.

મુમુક્ષુ :- પોતા ઉપર બોજો નાખી દીધો. જરૂરિયાત કેટલી લાગે છે.

ઉત્તર :- પોતા ઉપર જ છેને બધું, બધું પોતા ઉપર છે. પોતે સ્વાધીન છે, સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પોષાણ શબ્દ વાપરતા.

ઉત્તર :- હા, પોષાણ. પોતાનું પોષાણ કેટલું છે. પોતે એવો સ્વાધીન છે. પોતે ભગવાન આત્મા સર્વ શક્તિમાન છે, બધા ઐશ્વર્યથી ભરેલો છે. પોતે પોતાનું કરવા સમર્થવાન છે. કોઈ કરી દેતું નથી. પોતે જ કરનારો છે. કોઈ કરી દે તો પોતે પરાધીન થઈ ગયો. પોતે જ શક્તિમાન (છે). પોતે વિભાવમાં જનારો પોતે, સ્વભાવમાં જનારો પોતે જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તો હોય છે, કરવાનું પોતાને હોય છે.

મુમુક્ષુ :- પોતે કેટલા પ્રમાણમાં પુરુષાર્થ કરે

છે...

ઉત્તર :- હા એ પોતાને જોવાનું છે. ધીરે ધીરે થાય તો એમાં મૂંઝાવું નહિ, પણ છોડવું નહિ. એમ.

મુમુક્ષુ :- પ્રતિકૂળ સંજોગોમાં જરાય છોડવું નહિ.

ઉત્તર :- છોડવું નહિ પોતાનું કાર્ય. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો. બધાને સ્પષ્ટ થઈ ગયું. ક્યાંય મુંઝાવા જેવું રહ્યું નથી. બીજા તો ક્યાંય લૌકિકમાં ક્યાંય ક્યાંય ગોથા ખાતા હોય છે, ક્યાંય ક્યાંય માર્ગ ગોતતા હોય છે. અહીંથી માર્ગ મળશે, આમાંથી મળશે કે ધ્યાનમાંથી મળશે કે જ્ઞાનમાંથી મળશે કે અહીંથી વૈરાગ્યથી મળશે કે ભક્તિથી એમ બધે ગોથા ખાતા હોય છે. એમાં 'ગુરુદેવે' તો એવો માર્ગ સ્પષ્ટ કરી દીધો છે કે અંતરમાંથી માર્ગ મળે છે એની સાથે બધું જોડાયેલું હોય છે.

તું તત્ત્વનો નિર્ણય કર એમાં જ્ઞાન અને વૈરાગ્ય બધું એમાં ભક્તિ અને બધું સાથે જોડાયેલું (હોય છે) યથાર્થ નિર્ણય કર તો, એમાં ધ્યાન ને બધું એમાં હોય છે. તત્ત્વ નિર્ણય યથાર્થ આવે તો એમાં આખો માર્ગ આવી જાય છે. બીજા તો બધા ક્યાંય (ગોથા ખાતા હોય છે). 'ગુરુદેવે' આટલો માર્ગ ચોખ્ખો કરી દીધો. હવે પોતાને જ કરવાનું રહે છે. પોતે જ પોતાની પુરુષાર્થની મંદતાએ અટક્યો છે અને પોતે જ શાંતિથી, ધીરજથી કરે તો થાય છે. આકુળતા-ઉતાવળ કરવાથી તો કાંઈ થાય એવું નથી. ભાવના તીવ્ર રાખે પણ મૂંઝવણ થાય એવી રીતે કાંઈ કરવાનું નથી.

પ્રશ્ન :- સંસ્કાર એટલા પડી જાય?

ઉત્તર :- હા, સંસ્કાર પડે તો એને ભવિષ્યે જે સંસ્કાર ઉઠે તો પુરુષાર્થ ઉપડવાનું કારણ થાય છે. સંસ્કાર યથાર્થ હોય તો.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના ચરણે આવ્યા એને બીજી ભ્રમણા નથી કે અહીંથી મળશે કે અહીંથી મળશે.

ઉત્તર :- હા, બીજી ભ્રમણા નથી હવે. એમ. માર્ગ ચોખ્ખો (થઈ ગયો છે).

પ્રશ્ન :- પછી તો પોતે કરે એટલું થાય.

ઉત્તર :- પોતે કરે એમ થાય છે. બીજે ક્યાંય ગોતવા જાવું પડે એમ નથી.

પ્રશ્ન :- રસ્તો હાથમાં આપી દીધો છે.

ઉત્તર :- રસ્તો હાથમાં આપી દીધો છે ચોખ્ખો કરીને. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, બધું એક એક નિમિત્ત ઉપાદાનનું, કેવળજ્ઞાનનું, ચારિત્રનું, દર્શનનું, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ બધું ચોખ્ખું કરીને દીધું છે. નિશ્ચયનય, વ્યવહારનય બધી અપેક્ષાઓ પૂરી (સમજાવી) બધું દીધું છે. હવે એક પોતે જ કરવાનું રહ્યું છે. જ્ઞાનનો માર્ગ, ધ્યાનનો માર્ગ, ભક્તિનો માર્ગ બધાનું સ્વરૂપ સમજાવી દીધું છે.

પ્રશ્ન :- .. દાગીના વગર. જેમ કપડા વગર દાગીના શોભે નહિ તેમ નીતી વગર ધર્મ શોભતો નથી.

***

(૨૮:૫૦ મિનિટ સુધી..
તત્ત્વ ચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૨૨)નું શુલ્ક સ્વ. શ્રી હીરાલાલજી કાલા પરિવાર, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'જ્ઞાની-અજ્ઞાનીનો ભેદ' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

અજ્ઞાની ઉત્પાદ-વ્યયની સાથે સાથે ચાલ્યો જાય છે. (પરિણામનો ઉત્પાદ-વ્યય થતાં, પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાનો જ ઉત્પાદ-વ્યય અનુભવે છે) અને જ્ઞાનીએ નિત્ય (દ્રવ્ય) માં પોતાનું અસ્તિત્વ સથાપ્યું છે, તેથી ઉત્પાદ-વ્યયની સાથે ચાલ્યો જતો નથી, પરંતુ ઉત્પાદ-વ્યયને જાણી લે છે. (૫૭)

***

અજ્ઞાનીને એકલું પરિણામનું જ વેદન આવે છે. પરિણામની સાથે આખો અપરિણામી પડ્યો છે, તેનું વેદન આવતું નથી. પરંતુ અપરિણામીમાં દૃષ્ટિ જમાવીને, તેમાં તાદાત્મ્ય કરીને, પ્રસરીને, અહંપણું થતાં એક જ ક્ષણમાં અપરિણામી અને પરિણામ બન્નેનો એકસાથે અનુભવ થાય છે. એકલા પરિણામનું વેદન મિથ્યાદૃષ્ટિને જ થાય છે. જ્ઞાનીને એકસાથે બન્ને (- દ્રવ્ય અને પર્યાય)નો અનુભવ રહે છે. (પર્યાય સ્વરૂપાકાર થઈ જાય છે; — એવી પર્યાયના અનુભવને અર્થાત્ દ્રવ્યસ્વરૂપના અભેદભાવરૂપ અનુભવને દ્રવ્યનો અનુભવ કહેવામાં આવે છે. વાસ્તવમાં અનુભવ, પર્યાયની સીમાને ઉલ્લંઘન નથી કરતી.) (૨૦૪)

***

બહારના સંગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ પર્યાયની સાથે છે, મારી સાથે નથી. વળી જેને પર્યાયમાં જ એકત્વબુદ્ધિ છે તેને તો નિમિત્તની સાથે પણ એકત્વબુદ્ધિ લંબાય છે; પરંતુ જ્ઞાનીને પર્યાયમાં એકત્વબુદ્ધિ નથી, તેથી તેમની નિમિત્તની સાથે પણ એકત્વબુદ્ધિ થતી નથી. (૩૦૭).

***

(અજ્ઞાનીની) ધારણા તો બંધ તિજોરી માફક છે. ધારણા જવાબ દેતી નથી. પ્રસંગ આવતાં દુઃખ તો વેદી જ લે છે, પછી થોડીવાર પછી સ્મરણ કરીને સમાધાન કરે છે. ધારણામાં શું છે? અનુભવવાળાની તો તિજોરી ખુલ્લી થઈ ગઈ છે. (૪૨૩)

***

'પક્ષ કરવો' કહેવામાં આવે છે, તો પછી જીવ પક્ષમાં બેસી જાય છે. અરે ભાઈ! (પક્ષાંતિક્રાંત થવાવાળાને) પક્ષ તો થઈ જાય છે. (તેને) સ્વભાવ રુચે છે તો સ્વભાવનો પક્ષ થઈ જ જાય છે, પરંતુ પક્ષ કરવા સુધીનું જ પ્રયોજન થોડું છે ? (૪૨૪)

***

અજ્ઞાની ઉત્પાદ્-વ્યયની સાથે ચાલ્યો જાય છે. જ્ઞાનીએ નિત્યમાં (સ્વભાવમાં) પોતાનું અસ્તિત્વ સ્થાપ્યું છે, તેથી ઉત્પાદ્-વ્યયની સાથે ચાલ્યા જતા નથી, (ઉત્પાદ્-વ્યયને) જાણી લે છે. (અજ્ઞાનદશામાં ઉત્પાદ-વ્યયરૂપ ચલિત ભાવમાં અસ્તિત્વ સ્થાપિત રહેવાથી સ્વયંને અનિત્યરૂપનો જ અનુભવ વર્તે છે. જ્યારે જ્ઞાનદશામાં નિત્યસ્વભાવમાં અસ્તિત્વ સ્થાપિત થવાથી બન્ને અંગોના એક સાથ જ્ઞાન રહે છે. (૫૧૯)

***




### પત્રાંક-૨૯૬

મુંબઈ, ૧૯૪૭

૧. ઉદયને અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે.

૨. બેના અંતમાં રહેલ જે વસ્તુ, તે છેદ્યો છેદાય નહીં, ભેદ્યો ભેદાય નહીં. – શ્રી આચારાંગ

***

### પત્રાંક-૨૯૭

મુંબઈ, ૧૯૪૭

આત્માર્થે વિચારમાર્ગ અને ભક્તિમાર્ગ આરાધવા યોગ્ય છે. પણ વિચારમાર્ગને યોગ્ય જેનું સામર્થ્ય નથી તેને તે માર્ગ ઉપદેશવો ન ઘટે એ વગેરે લખ્યું તે યથાયોગ્ય છે. તોપણ તે વિષે કંઈ પણ લખવાનું ચિત્તમાં હાલ આવી શકતું નથી.

શ્રી નાગજીસ્વામીએ કેવળદર્શન સંબંધી જણાવેલ આશંકા લખી તે વાંચી છે. બીજા ઘણા પ્રકાર સમજાયા પછી તે પ્રકારની આશંકા શમાય છે, અથવા તે પ્રકાર સમજવા યોગ્ય ઘણું કરીને થાય છે. એવી આશંકા હાલ સંક્ષેપ કરી અથવા ઉપશાંત કરી વિશેષ નિકટ એવા આત્માર્થનો વિચાર કરવો ઘટે છે.

***

### પત્રાંક-૨૯૮

વવાણિયા, કાર્તિક સુદ ૪, ગુરુ, ૧૯૪૮

કાળ વિષમ આવી ગયો છે. સત્સંગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. અનેક પ્રકારની વિટંબના તો અમને નથી, તથાપિ નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.

***

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છો. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.